Zydus Wellness

**ઝાયડસ વેલનેસ લીમીટેડ**

કોર્પોરેટ આઈડેન્ટીફીકેશન નંબર : એલ૧૫૨૦૧જીજે૧૯૯૪પીએલસી૦૨૩૪૯૦

રજીસ્ટર્ડ ઓફીસ : હાઉસ નંબર ૬ અને ૭, સીગ્મા કોમર્સ ઝોન, ઈસ્કોન મંદિરની બાજુમાં, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. વેબસાઈટ : www.zyduswellness.in

ઈ-મેઈલ : investor.grievance@zyduswellness.in

ટે. નંબર : +૯૧-૭૯-૬૭૭૭ ૫૮૮૮, ફેક્સ નંબર : +૯૧-૭૯-૬૭૭૭ ૫૮૧૧

## ૨૪મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટીંગ અંગેની માહિતી તથા બુક બંધ અંગેની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે -

૧. કંપનીના સભ્યોની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તા. 3 ઑગષ્ટ, ૨૦૧૮નાં રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે જે. બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, અટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ-3૮૦૦૧૫ ખાતે યોજાશે.

૨. વાર્ષિક અહેવાલ કે જેની સાથે વાર્ષિક સામાન્ય સભાની નોટીસ, એટેન્ડેન્સ સ્લીપ અને પ્રોક્ષી ફોર્મ, કંપનીના સભાસદો કે જેઓના ઈ-મેઈલ એડ્રેસ કંપનીમાં નોંધાયેલ છે, તેઓને ઈ-મેઈલથી મોકલાવેલ છે. બીજા સભ્યોને વાર્ષિક અહેવાલ અને વાર્ષિક સામાન્ય સભાની નોટીસ માન્ય કરેલા સાધનથી તા. ૮ જુલાઈ, ૨૦૧૮ સુધીમાં મોકલેલ છે.

3. સભાસદોનાં મતદાન અધિકાર કંપનીનાં જે સભ્યો તા. ૨૬ જુલાઈ, ૨૦૧૮નાં રોજ (નક્કી કરેલ તારીખ) કંપનીની ઈક્વીટી શેર મૂડીમાં જેટલા શેર ધરાવતા હશે તે પ્રમાણે મળવાપાત્ર થશે. આ નક્કી કરેલ તારીખે જેઓ કંપનીના સભાસદો હશે તેઓ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડીયા) લીમીટેડ (સી.ડી.એસ.એલ.) ની ઈલેકટ્રોનીક પદ્ધતિ (રીમોટ ઈ-વોટીંગ) થી અથવા સામાન્ય સભામાં નોટીસમાં દર્શાવેલ ઠરાવો ઉપર મતદાન કરવા અધિકૃત રહેશે. બધા સભાસદોને જણાવવામાં આવે છે કે -

એ. નોટીસમાં દર્શાવેલ ઠરાવ ઈલેકટ્રોનીક પદ્ધતિથી પણ પસાર કરી શકાશે.

બી. રીમોટ ઈ-વોટીંગની સુવિધા મંગળવાર, તા. ૩૧ જુલાઈ, ૨૦૧૮નાં રોજ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે.

સી. રીમોટ ઈ-વોટીંગની સુવિધા ગુરૂવાર, તા. ૨ ઑગષ્ટ, ૨૦૧૮નાં રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

ડી. સભાસદોનાં મતદાન અધિકાર નક્કી કરવા માટેની તા. ૨૬ જુલાઈ, ૨૦૧૮ નક્કી કરેલ છે.

ઈ. ઈ-વોટીંગની સુવિધા તા. ૨ ઑગષ્ટ, ૨૦૧૮નાં સાંજે ૫.૦૦ વાગ્યે બંધ કરી દેવામાં આવશે.

એફ. જે લોકોએ વાર્ષિક સામાન્ય સભાની નોટીસ મોકલ્યા બાદ, કંપનીના શેર મેળવ્યા હોય અને કંપનીના સભાસદ બનેલ હોય અને જેઓ નક્કી કરેલ તારીખે શેર ધરાવતા હોય, તેઓ કંપનીની તથા સી.ડી.એસ.એલ.ની વેબસાઈટ પર ઉપલબ્ધ વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં આપેલી ઈ-વોટીંગ અંગેની સૂચના પ્રમાણે વોટ કરી શકાશે. પરંતુ જેઓ સી.ડી.એસ.એલ. સાથે રીમોટ ઈ-વોટીંગ માટે પહેલેથી રજીસ્ટર્ડ હોય તેઓ મેળવેલ યુઝર આઈડી અને પાસવર્ડથી પણ વોટ કરી શકશે.

જી. વાર્ષિક સામાન્ય સભામાં જેઓએ રીમોટ ઈ-વોટીગથી મતદાન ન કરેલ હોય તેઓને સામાન્ય સભામાં વોટ કરવાની સુવિધા આપવામાં આવશે. કે જેથી તેઓ પોતાના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભાસદોએ રીમોટ ઈ-વોટીંગથી મતદાન કરેલ હોય તેઓ પણ વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકશે. પરંતુ મતદાન કરી શકશે નહીં.

એચ. વાર્ષિક સામાન્ય સભાની નોટીસ કંપનીની વેબસાઈટ www.zyduswellness.in તથા સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડીયા) લીમીટેડ (સી.ડી.એસ.એલ.) ની વેબસાઈટ www.evotingindia.com પર મૂકવામાં આવેલ છે.

આઈ. સભાસદો બેમાંથી કોઈ પણ એક રીમોટ ઈ-વોટીંગ અથવા સામાન્ય સભામાં મતદાન કરી શકશે. જો સભાસદો બંને પદ્ધતિથી વોટીંગ કરશે, તો રીમોટ ઈ-વોટીંગથી કરેલ મતદાન માન્ય ગણાશે અને સામાન્ય સભામાં કરેલ વોટીંગ અમાન્યં ગણાશે.

જે. હિતેષ બુચ એન્ડ એસોસિએટ્સના શ્રી હિતેષ બુચ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ ઈ-વોટીંગ પ્રક્રિયાને ન્યાય અને પારદર્શક રીતે ચલાવવા માટે સ્ક્રૂટિનાઈઝર તરીકે નિમણૂંક કરી છે.

કે. રીમોટ ઈ-વોટીંગની વધુ જાણકારી માટે વાર્ષિક સામાન્ય સભાની નોટીસ જોવી. ઈ-વોટીંગ અંગેના કોઈ પણ માર્ગદર્શન માટે સભાસદો વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો Frequently Asked Questions (FAQs) અને સભાસદો માટેનાં ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલ સેક્શન www.evotingindia.com અન્વયે મેળવી શકશે અથવા ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ ઉપર સંપર્ક સાધી શકાશે. ઈ-વોટીંગ સુવિધાના કોઈ પણ પ્રશ્નોના નિરાકરણ માટે મિ. રાકેશ દલવી, ડેપ્યુટી મેનેજર, સી.ડી.એસ.એલ., ૧૬મો માળ, પી. જે. ટાવર્સ, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે અથવા ઈ-મેઈલ helpdesk@cdslindia.com પર સંપર્ક સાધી શકશે.

જે સભાસદોને સભામાં હાજર રહી મતદાન આપવાનો અધિકાર હશે તેઓ જાતે અથવા પ્રોક્ષી/અધિકૃત પ્રતિનિધીની મારફતે મતદાન કરી શકશે, પરંતુ પ્રોક્ષી તેનાં નિયત ફોર્મમાં અથવા અધિકૃત પરવાનગી પત્ર પોતાની સહીથી આપવાનો રહેશે અને કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ પર વાર્ષિક સામાન્ય સભાની ૪૮ કલાક પહેલાં જમા કરાવવાનાં રહેશે.

૪. વાર્ષિક સામાન્ય સભાનાં સ્થળે પ્રવેશ માટે પ્રવેશપત્ર અનિવાર્ય છે, જે સભાસદોને વાર્ષિક હિસાબો સાથે મોકલેલ છે. જે સભાસદોએ ઈલેકટ્રોનીક પદ્ધતિથી પ્રવેશપત્ર મેળવેલ હોય તેઓએ પ્રવેશપત્રની પ્રિન્ટ લઈ તેમાં જરૂરી માહિતી ભરીને વાર્ષિક સામાન્ય સભાના સ્થળે રજીસ્ટ્રેશન કાઉન્ટર ઉપર આપવાનું રહેશે. આથી જાણ કરવામાં આવે છે કે પ્રવેશપત્રની કોપી આપવામાં આવશે નહીં.

૫. આથી જણાવવામાં આવે છે કે સભાસદોનું રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક તા. ૨૭ જુલાઈ, ૨૦૧૮થી 3 ઑગષ્ટ, ૨૦૧૮ (બંને દિવસો સહિત) બંધ રહેશે.

ઝાયડસ વેલનેસ લીમીટેડ વતી

સ્થળ : અમદાવાદ
ધવલ એન. સોની

તારીખ : ૯ જુલાઈ, ૨૦૧૮
કંપની સેક્રેટરી

(અસલ અંગ્રેજી ઉપરથી અનુવાદ)